ધી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશનલ સોસાયટી ગાંધીનગર
શ્રી શાંતીલાલ સંઘવી ફાઉંડેશન મુંબઈ સંચાલિત

**એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ ખોડદા**

**મુ.પો. ખોડદા, તા. નિઝર, જિ.તાપી – ૩૯૪૩૭૦**

**ઓફિસ નંબર ૮૯૮૦૧૫૬૬૩૫ મો. નં. ૯૯૨૪૯૯૯૮૨૩ E-mail : emrs.khodada@yahoo.in Web :- www.emrskhodada.org**

# ટેન્ડર ડોક્યુમેન્ટ : ૨૦૨૦-૨૧

આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર (ગુજરાત સરકાર) તથા ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશનલ સોસાયટી ગાંધીનગર સંચાલીત અને શ્રી શાંતીલાલ સંઘવી ફાઉંડેશન મુંબઈનાં નિયંત્રણ હેઠળની એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ ખોડદાનાં વિધ્યાર્થીઓ માટે “ગણવેશ” તથા તેને સંલગ્ન સામગ્રી પુરા પાડવા અંગેનાં

ઓનલાઇન ઇ-ટેન્ડર

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦-૨૧

ફક્ત ઇ-ટેન્ડરીંગ પ્રક્રિયા

ટેન્ડર ફોર્મ ફી :- રૂ. ૧,૦૦૦/- (પરત કરવાપાત્ર નથી)

અંદાજીત ટેન્ડરની રકમ રૂ. ૨૦,૪૪,૦૦૦/-

ધી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશનલ સોસાયટી, ગાંધીનગર
**શ્રી શાંતીલાલ સંઘવી ફાઉંડેશન, મુંબઈ સંચાલિત**
**એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ,**
**મુ.પો. ખોડદા, તા. નિઝર, જિ.તાપી.**
**ટેલીફોન નંબર ૮૯૮૦૧૫૬૬૩૫, મો. નં. ૯૯૨૪૯૯૯૮૨૩ E-mail : emrs.khodada@yahoo.in**

ટેન્ડર ભરનાર ઇજારદારનું નામ :-

સરનામું, ફોન નં. :-

ટેન્ડરની તારીખ :- ૦૮/૦૯/૨૦૨૦

ઓનલાઇન ટેન્ડર ભરવાની તારીખ :- ૦૮/૦૯/૨૦૨૦ **થી તા. ૨૨/૦૯/૨૦૨૦**

ફીજીકલ ડોક્યુમેન્ટ રજુ કરવાની અંતિમ તારીખ **:- ૨૫/૦૯/૨૦૨૦ કચેરી સમય દરમ્યાન**

ટેન્ડરની ટેકનીકલ બીડ ખોલવાની સંભવિત તારીખ :- ૨૮/૦૯/૨૦૨૦ **, સમય : ૧૧:00 કલાકે**

ટેન્ડરની પ્રાઇઝ બીડ ખોલવાની સંભવિત તારીખ :- ૨૮/૦૯/૨૦૨૦ , **સમય: ૧૧ :00 કલાકે**

ટેન્ડર ફી (નોન રીફંડેબલ) : - રૂા.૧,000/-

ઇ.એમ.ડી.ની રકમ :- રૂા.૧,0૨,૨00/-

ડી.ડી. નં. :-............................................. તારીખ:-............................

બેંક :- ..................................................

## યુનિફોર્મ કિટ ૨૦૨૦-૨૧

| ક્રમ | ગણવેશ ની વિગત | વસ્તુની અંદાજીત સાઈઝ | ખરીદવા પાત્ર અંદાજીત જથ્થો |
|---|---|---|---|
| ૧ | **ગણવેશ બે જોડી (લોગો સહિત)** | | |
| | કુમાર (ધો. ૬ થી ૧૨) ( ફુલ પેન્ટ, હાફ શર્ટ,બેલ્ટ, ટાઈ) | ૨૪૬ * ૨ (બે જોડી) | ૪૯૨ |
| | કન્યા ( ધો. ૬ થી ૯) ( પિના ફ્રોક,લેગિંસ,બેલ્ટ, ટાઈ,) | ૧૨૭ * ૨ (બે જોડી) | ૨૫૪ |
| | કન્યા ( ધો. ૧૦ થી ૧૨) (પંજાબી ડ્રેસ,ઓઢણી સાથે) | ૧૩૮ * ૨ ( બે જોડી) | ૨૭૬ |
| ૨ | સ્પોર્ટ્સ ડ્રેસ ૧ જોડી (લોગો સહિત)<br>( ફુલ પેન્ટ, હાફ શર્ટ) | ૫૧૧ * ૧ ( એક જોડી) | ૫૧૧ |
| ૩ | ટ્રેક સુટ ૧ જોડી (લોગો સહિત) | ૫૧૧ * ૧ ( એક જોડી) | ૫૧૧ |
| ૪ | નાઈટ ડ્રેસ ૧ જોડી (લોગો સહિત)<br>( ફુલ પેન્ટ, હાફ શર્ટ) | ૫૧૧ * ૧ ( એક જોડી) | ૫૧૧ |
| ૫ | સ્કુલ બુટ ૧ જોડી અને ૨ જોડી મોજા (નમુના પ્રમાણે) | ૫૧૧ * ૧ ( એક જોડી) | ૫૧૧ |
| ૬ | સ્પોર્ટસ બુટ ૧ જોડી અને ૨ જોડી મોજા (નમુના પ્રમાણે) | ૫૧૧ * ૧ ( એક જોડી) | ૫૧૧ |
| ૭ | સ્વેટર (નમુના પ્રમાણે) લોગો સહિત<br>કુમાર અને કન્યા માટે | ૫૧૧ * ૧ ( એક જોડી) | ૫૧૧ |
| ૮ | સ્લીપર (કુમાર અને કન્યા માટે) | ૫૧૧ * ૧ ( એક જોડી) | ૫૧૧ |
| ૯ | સેરોમોનીયલ ડ્રેસ (કુમાર માટે કુર્તા, પાયજામો) | ૨૪૬ * ૧ ( એક જોડી) | ૨૪૬ |
| ૧૦ | સેરોમોનીયલ ડ્રેસ (કન્યા માટે પંજાબી) | ૨૬૫ * ૧ ( એક જોડી) | ૨૬૫ |
| ૧૧ | બ્રેઝર (નમુના પ્રમાણે) લોગો સહિત<br>કુમાર અને કન્યા માટે | ૫૧૧ * ૧ ( એક જોડી) | ૫૧૧ |

**ઇજારદારની સહી અને સિક્કો**

## ટેન્ડરની શરતો:-

૧. ટેન્ડર ફક્ત ઓનલાઇન જ સ્વીકારવામાં આવશે. હાર્ડકોપી આપવામાં આવશે નહી. ટેન્ડર ઓનલાઇન ભરવાની છેલ્લી તા:- **૨૨/૦૯/૨૦૨૦**, સમય : ૧૮:૦૦ કલાક સુધી રહેશે. અને ટેકનીકલ બીડ પહોંચાડવાની છેલ્લી તા: **૨૫/૦૯/૨૦૨૦** સમયઃ ૧૮:૦૦ કલાક સુધી રહેશે.

૨. ઇ.એમ.ડી.ની રકમ રૂ|.૧,૦૨,૨૦૦/- (અંકે રૂપિયા એક લાખ બે હજાર બસો રૂપિયા પૂરા) નો તથા ટેન્ડર ફી રૂ|.૧,૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા)નો ડી.ડી. જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ પછીનો **"આચાર્યશ્રી ઈ. એમ. આર. એસ. ખોડદા"** ના નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો પેએબલ એટ નિઝરનો અલગ અલગ કઢાવી રજુ કરવાનો રહેશે.

૩. સરકારશ્રી દ્વારા માન્ય સંસ્થાઓ કે જેમને ઇએમડી તથા ટેન્ડર ફી માંથી મુક્તિ આપવામાં આવેલ હોય તેમને ગુજરાત સરકાર ઉદ્યોગ અને ખાણ વિભાગ ગાંધીનગર દ્વારા મુક્તિ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૪. ટેન્ડર ભરનાર ઇજારદારે ઓનલાઇન ટેન્ડરમાં ભરેલ તમામ વિગતોના ડોક્યુમેન્ટની નકલો **ટેન્ડર કોપી સહિત** કુલ પાના નંબર આપી દરેક પાના નંબરને પોતાના સ્વ હસ્તાક્ષરમાં પ્રમાણિત કરી આર.પી.એ.ડી.થી અથવા રૂબરૂમાં આવી અલગ કવરમાં **તા:- ૨૫/૦૯/૨૦૨૦ ના રોજ ૧૮.૦૦ કલાક** સુધીમાં અત્રેની કચેરીમાં જમાં કરાવવાના રહેશે, ખામી વાળા, અધુરી વિગત વાળા તેમજ સમય મર્યાદા પછીના સંબંધિત ઇજારદારશ્રીના ટેન્ડર ખોલવામાં આવશે નહીં અને તે ટેન્ડર રદબાતલ ગણાશે. ટેન્ડર સાથે સામેલ કરવાના આધાર/ પુરાવાઓ ટેક્નીકલ બીડમા દર્શાવેલ યાદી આ સાથે સામેલ છે.

૫. ભવિષ્યમાં કોઇપણ સંજોગોમાં ભાવવધારાની માંગણી કરી શકાશે નહિં.

૬. સદરહુ યુનિફોર્મના ભાવો શૈક્ષણીક વર્ષ ૨૦૨૦-૨૧ માટે માન્ય ગણાશે અને ત્યાર બાદ મુદ્દત લંબાવવાની સંપુર્ણ સત્તા **સંચાલક મંડળશ્રી** તથા **આચાર્યશ્રી ઈ. એમ.આર. એસ. ખોડદા**, તા. નિઝર, જિ.તાપી ની રહેશે.

૭. સરકારશ્રીના નિતિ નિયમોમાં વખતો વખત થતા સુધારા વધારા તમોને બંધનકર્તા રહેશે. તેમજ તમામ પ્રકારના ટેક્ષ વગેરે હર હાલમાં સંપૂર્ણપણે તમારે જ ભોગવવાનો રહેશે.

૮. કોઇપણ જાતની શરતોવાળું ટેન્ડર સ્વિકારવામાં આવશે નહીં. ટેન્ડરમાં કોઇપણ શરત મુકવામાં આવેલ હશે તો ટેન્ડર આપોઆપ રદ થયેલ ગણાશે.

૯. સામેલ પરિશિષ્ટ મુજબ તમામ ભાવો ભરવાના રહેશે.

૧૦. ટેન્ડર મંજુર કે નામંજુર કરવા, મોકુફ રાખવા કે રદ કરવા અંગેની આખરી સત્તા ટેન્ડર મંગાવનાર સ્થાનિક સત્તા અધિકારી/વડી કચેરી, ગાંધીનગરની રહેશે. જે અંગે કોઇ કારણો આપવામાં આવશે નહિં.

૧૧. જરૂર જણાયે ભરેલા ભાવો અંગે ઇજારદારશ્રીને નેગોશીએશન માટે બોલાવવામાં આવશે. તેમ કરવામાં વાંધો/ તકરાર ધ્યાને લેવામાં આવશે નહી. આ અંગેના તમામ અધિકાર અત્રેની કચેરીને રહેશે.

૧૨. શાળા તરફથી ગણવેશનાં ટેંડરમાં આપવામાં આવેલ વિવિધ વસ્તુઓનાં ઓછામાં ઓછા દરની સાથે વસ્તુની ગુણવત્તાની નોંધ લઇ ઓર્ડર આપવામાં આવશે. સદર ટેંડરમાં ગણવેશનાં સંપુર્ણ સેટ નાં ભાવની જગ્યાએ પ્રત્યેક વસ્તુનાં ભાવનાં આધારે ઓર્ડર આપવામાં આવશે. આમ, શાળાના ગણવેશ પુરા પાડવા માટે જે ભાવ મંજુર થશે તે ભાવ કરતાં ઇજારદારને કોઇપણ જાતનો ભાવ વધારો આપવામાં આવશે નહીં.

૧૩. આ અંગે કોર્ટની કાર્યવાહી, વિવાદ અંગે કાયદાનું ક્ષેત્ર નિઝર તા.નિઝર જિ.તાપી રહેશે.

૧૪. સંકટ અને વિકટ પરિસ્થિતીમાં પણ વિધ્યાર્થીના હિતમાં તમારા ખર્ચે અને જોખમે વ્યવસ્થા કરી આપવાની રહેશે.

૧૫. ગણવેશ સિવાયની અન્ય વસ્તુઓમાં ટેંડરનાં ભાવ જયા MRP દર્શાવેલ હશે ત્યા MRP કરતા ઓછા, શકય હોય ત્યાં સુધી હોલસેલ ભાવ ભરવા અનિવાર્ય રહેશે. તેમજ MRP વાળી અને MRP સિવાયની વસ્તુમાં પણ **GST, તત્કાલિન કર અને શાળા ખાતે પહોચતા** કરવા સાથેનાં જ ભાવ આપવાના રહેશે.

૧૬. વહીવટી કારણે કે ગ્રાન્ટના અભાવે અથવા તો તમારી કક્ષાએથી પુર્તતાના અભાવે બિલના ચુકવણામાં વિલંબ થાય તો કોઇ તકરાર ચાલશે નહીં અને તેવા સંજોગોમાં પણ શાળાના ગણવેશ અને અન્ય વસ્તુઓ શાળાઓમાં પહોચાડવાના રહેશે.

૧૭. ટેંડર ફોર્મમાં હકીકત ખોટી જાહેર કરેલી હોવાનુ જણાશે તો ટેંડર ના મંજુર કરવાને પાત્ર ગણાશે. આ બાબતમાં સંચાલક મંડળશ્રી અને આચાર્યશ્રી ઈ. એમ.આર. એસ. ખોડદા, તા. નિઝર, જિ.તાપી અને વડી કચેરી, ગાંધીનગરનો નિર્ણય આખરી ગણાશે.

૧૮. ટેંડર મંજુર થયેથી કુલ ઇજારાની રકમના ૩% ડીપોઝીટ પેટે જમાં કરાવવાની રહેશે અને ટેન્ડરની સમય મર્યાદા પુર્ણ થયા પછી પરત કરવામાં આવશે. સદર ટેંડર વર્ષ ૩૦/૦૪/૨૦૨૧ સુધી માન્ય રહેશે.

૧૯. ઇજારદારે કામગીરી પુર્ણ કર્યાથી સીક્યોરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે.

૨૦. સદરહુ ગણવેશ, સ્પોર્ટ્સ ડ્રેસ, નાઈટ ડ્રેસ, સેરોમોનિયલ ડ્રેસ, બ્રેઝર, બુટ, ચંપલ વગેરેના માપ શાળા કક્ષાએ ધોરણ મુજબ વિધ્યાર્થી/ વિધ્યાર્થીની મુજબ માપ લેવાનું રહેશે અને ઓર્ડરમાં જનાવેલ સ્પેસિફિકેશન તેમજ મંજુર કરેલ નમુનાઓ ઓર્ડર આપ્યા થી તેમા જણાવ્યા મુજબનાં ૪૫ દિવસનાં સમયગાળામાં સ્વખર્ચે/સ્વજોખમે પોહચતા કરવાના રહેશે. તેમજ

**૨૧. ટેંડરમાં દર્શાવેલા ભાવ તા. ૩૦/૦૪/૨૦૨૧ સુધી માન્ય ગણાશે. પાર્ટીએ તા. ૩૦/૦૪/૨૦૨૧ સુધી ટેંડરમાં દર્શાવેલા ભાવે સામાન પુરો પાડવાનો રહેશે. તેમજ પાછળથી ભાવમાં કોઇ પણ પ્રકારનાં સુધારા વહેપારી તરફથી માન્ય રાખવામાં આવશે નહિ. જો સામાનની સાથે કોઇ ભેટ આપવામાં આવતો એ ભેટનો ઉલ્લેખ વાઉચર કે બીલમાં કરવાનો રહેશે. તેમજ ટેંડર મંજુર થયા પછી શાળાની જરૂરીયાત મુજબની વસ્તુઓનો ઓર્ડર શાળા ખાતેથી લેખિતમાં આપ્યા પછી (કરીયાણું/ટોયલેટરી વસ્તુ/શાકભાજી) ૦૩ દિવસનાં જયારે સ્ટેશનરી માટે ૦૮ દિવસ અને સ્કુલ બેગ ૩૦ દિવસનાં સમય મર્યાદામાં શાળા ખાતે સ્વખર્ચે /સ્વજોખમે મોકલવાની રહેશે.**

**૨૨. ઓછા ભાવ ભરી વર્ક ઓર્ડર મેળવવાની પધ્ધતિને બદલે સારી ગુણવત્તાવાળા અને વધુ સારી સુવિધા ધરાવતા માલને આદર્શ નમુના તરીકે પસંદગી કરવાનો ખરીદ સમિતિને અબાધિત અધિકાર રહેશે. તેમજ ટેંડર પસંદગી પામ્યા પછી સદર વસ્તુનાં એક-એક નમુના શાળા ખાતે જમા કરવાના રહેશે.**

**૨૩. ટેંડરની / ઓર્ડરની કોઇ પણ શરતોનો ભંગ થાય તો ઇજારદાર સાથેનો કરાર કોઇ પણ નોટીસ/કારણ આપ્યા સિવાય રદ્દ કરવાની સત્તા ખરીદ સમિતીની રહેશે.**

૨૪. ટેન્ડર પાસ થયેથી સબંધિત સપ્લાયરે રૂ. ૩૦૦/- નાં સ્ટેમ્પ પેપર પર કરારપત્રમાં આપેલ શરતો મુજબ કરાર કરવાનો રહેશે.

**૨૫. આગાઉનાં વર્ષોમાં જે ઇજારદારો/ઉત્પાદકો કાળી યાદીમાં મુકાયલ હોય અથવા તો જાહેર ટેંડરો ભરેલ હોય અને તેમને વર્ક ઓર્ડર આપવા છતા માલ/સામાન પુરો પાડેલ ન હોય અને વર્ક ઓર્ડર રદ્દ કરવામાં આવેલ હોય તો તેવી સંસ્થાનું ટેંડર રદ્દ ગણવામાં આવશે અને પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે નહિ.**

૨૬. ટેંડરની સમયાવિધી દરમિયાન ભાવમાં કોઇ પણ પ્રકારનાં વેરામાં થયેલા સુધારા સિવાય સ્વિકારવામાં આવશે નહિ અને શાળા ખરીદ સમિટીનો નિર્ણય અંતિમ રહેશે.

**૨૭. સદરહું પસંદગી પામેલા ટેંડર એ એમના દ્વારા પુરી પાડવામાં આવનાર વસ્તુઓનું વજન, ગુણવત્તા, માપ શાળા દ્વારા આપવામાં આવેલ આયોજન મુજબ જ પુરુ પાડવાનું રહેશે.**

**૨૮. ઉપરોક્ત ટેંડર માટે આપેલ શર્તો સિવાય આ સંદર્ભે સંચાલક મંડળ, એકલવ્ય ટ્રાયબલ સોસાયટી તરફથી મળેલ સુચનાઓ, નિયમો સર્વે માટે માન્ય રહેશે.**

ઉપરોકત તમામ ૦૧ થી ૨૮ ની શરતો મારા દ્વારા પુર્ણ પણે વાંચી છે. જે કબુલ/મંજુર છે અને તેનું સંપુર્ણ પાલન કરવાની હું બાંહેધરી આપુ છું. શરતોનાં ભંગ બદલ સક્ષમ સત્તાધિકારીશ્રી તરફથી જે નિર્ણય લેવામાં આવે તે આખરી ગણાશે અને તે મને સંપુર્ણ બંધનકર્તા રહેશે.

## એકરાર

આથી હું સહી કરનાર એકરાર કરૂં છું કે, ટેન્ડરની ઉપરોક્ત શરતો અમને કબુલ મંજુર છે.

**ઇજારદારની સહી અને સિક્કો**

ધી ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશનલ સોસાયટી, ગાંધીનગર.
**શ્રી શાંતીલાલ સંઘવી ફાઉંડેશન, મુંબઈ, સંચાલિત**
**એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ,**
**મુ.પો. ખોડદા, તા. નિઝર, જિ.તાપી.**
**ટેલીફોન નંબર ૮૯૮૦૧૫૬૬૩૫, મો. નં. ૯૯૨૪૯૯૯૮૨૩ E-mail : emrs.khodada@yahoo.in**

ટેન્ડર ભરનાર ઇજારદારનું નામ :-

સરનામું, ફોન નં. :-

ટેન્ડરની તારીખ :- ૦૮/૦૯/૨૦૨૦

ઓનલાઇન ટેન્ડર ભરવાની તારીખ :- ૦૮/૦૯/૨૦૨૦ **થી તા. ૨૨/૦૯/૨૦૨૦**

ફીજીકલ ડોક્યુમેન્ટ રજુ કરવાની અંતિમ તારીખ :- ૨૫/૦૯/૨૦૨૦ **કચેરી સમય દરમ્યાન**

ટેન્ડરની ટેકનીકલ બીડ ખોલવાની સંભવિત તારીખ :- ૨૮/૦૯/૨૦૨૦ **, સમય : ૧૧:૦૦ કલાકે**

ટેન્ડરની પ્રાઇઝ બીડ ખોલવાની સંભવિત તારીખ :- ૨૮/૦૯/૨૦૨૦ , **સમય: ૧૧ :૦૦ કલાકે**

ટેન્ડર ફી (નોન રીફંડેબલ) :- રૂ.૧,૦૦૦/-

ઇ.એમ.ડી.ની રકમ :- રૂ.૧,૦૨,૨૦૦/-

ડી.ડી. નં .:- તારીખ:-

બેંક :- ..................................................

# ટેકનીકલ બિડ

| | | |
|---|---|---|
| ૧ | એજન્સી /સંસ્થા/કંપનીનું નામ | |
| ૨ | સંસ્થાનો પ્રકાર<br>પબ્લીક લીમીટેડ / પ્રાઈવેટ લીમીટેડ / સહકારી / એન.જી.ઓ. (મેમોરેન્ડમ કોપી જોડવી) | |
| ૩ | રજિસ્ટર્ડ થયેલ ઓફિસનું (કાર્યાલયનું) સરનામું,<br>ટેલીફોન નંબર / મોબાઈલ નંબર /<br>ઈ–મેઈલ નંબર | |
| ૪ | પ્રોપરાઈટર / માલીકો / ભાગીદારોના નામ તથા સરનામા<br>ટેલીફોન નંબર / મોબાઈલ નંબર /<br>ઈ–મેઈલ નંબર | |
| ૫ | વ્યવસાયોનો શહેરી વિસ્તારમાં, કોર્પોરેશન, નગરપાલિકા, ગ્રામ્ય વિસ્તારમાં, ગ્રામ પંચાયતમાં દુકાન / પેઢીનો નોંધણી રજિસ્ટ્રેશનનો દાખલો | |
| ૬ | વ્યવસાયમાં જોડાયાનું વર્ષ | |
| ૭ | પાન કાર્ડ નંબર પ્રમાણપત્ર સાથે | |
| ★ ૮ | GST નંબર પ્રમાણપત્ર સાથે | |
| ★ ૯ | શું સંસ્થા પોતે કઈ કઈ કંપનીનાં ઓર્થોરાઈઝડ ડીસ્ટ્રીબ્યુટર / ડીલર / વેપારી છે ? જો હોય તો તેની વિગતો દર્શાવવી. | |
| ★ ૧૦ | છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટન ઓવરની વિગતો,<br>**<u>નોંધ</u>** ટર્નઓવર આંકડા તથા શબ્દોમાં લખવા | વર્ષ / ટર્ન ઓવર (રૂા. લાખમાં)<br>૨૦૧૭–૧૮ / |

| | | |
|---|---|---|
| | છેલ્લા ત્રણ વર્ષની ફાયનાન્સીયલ સ્ટેટ્સ ધરાવતી બેલેન્સ સીટ રજુ કરવી. | ૨૦૧૮–૧૯ <br> ૨૦૧૯–૨૦ |
| ૧૧ | અર્નેસ્ટ મની ડીપોઝીટની વિગતો <br> (EMD Details) | ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર <br> તારીખ <br> બેંકનું નામ <br> રૂપિયા |
| ૧૨ | ટેન્ડર ફી (નોન રીફંડેબલ) વિગત | ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર <br> તારીખ <br> બેંકનું નામ <br> રૂપિયા |
| ★ ૧૩ | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે ? નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર નથી / કે કોઈ સંસ્થા ધ્વારા બ્લેક લીસ્ટેડ કે પનીશમેન્ટ કરાયા નથી તેવું બાંહેધરી પત્ર આપવું ( નોટરી ધ્વારા એફીડેવીટ કરાવવુ ) | |
| ★ ૧૪ | છેલ્લા ત્રણ વર્ષનું ઈન્કમટેક્ષ રીર્ટન સર્ટિફિકેટ (જો વર્ષ ૨૦૧૯–૨૦નું એસેસમેન્ટ/રિટર્ન ભરાયેલ ન હોય તેવા કિસ્સામાં વર્ષ ૨૦૧૭–૧૮, ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ નું જોડવું અને ત્રણ વર્ષનું સી.એ ઓડીટ રીપોર્ટ જોડવાનો રહેશે.) | ત્રણ વર્ષના ઈન્કમટેક્ષ રીટર્ન સર્ટિફિકેટ જોડેલ છે ? હા / ના <br> ત્રણ વર્ષના સી.એ ઓડીટ રીપોર્ટ જોડેલ છે ? હા/ ના |

૧) ઉકત વિગતોની ફોટો નકલ / સંદર્ભપત્ર / સક્ષમ સત્તાના પ્રમાણપત્ર અચૂક રજુ કરવા, જે વિના ટેન્ડર વિચારણામાં લેવાશે નહી.
૨) આ પ્રિ–બીડ ટેન્ડર અલગ બંધ કવરમાં ભરનાર સંસ્થાનું નામ અને કામનો પ્રકાર સ્પષ્ટ લખીને જ રજુ કરવાનું રહેશે.
૩) ક્રમ નં પાસે ★ દર્શાવેલ હોઇ તેનાં પ્રમાણિત કરેલ આધાર/ દસ્તાવેજો પુરા પાડવાના રહેશે અને ટેકનીકલ બીડ ખોલતી વખતે અસલ રજુ કરવાના રહેશે.

ઉપરોકત લાયકાતના ધોરણો પરીપૂર્ણ થતા ન હોય અને ઉકત દસ્તાવેજો રજુ ન કરનાર એજન્સી પાત્રતા ધરાવશે નહીં અને જે તે એજન્સીનું ટેન્ડર વિચારણામાં લેવામાં આવશે નહી.

## <u>બીડરનું ડીકલેરેશન</u>

આથી હું / અમો નીચે સહી કરના ર પ્રમાણિત કરૂં છુ / છીએ કે ઉપરોકત ટેન્ડરની તમામ બોલીઓ અને શરતો મે / અમોએ ખૂબજ કાળજી પૂર્વક વાંચી છે અને મારા / અમારા સમજણ મુજબ ભરવામાં તથા રજુ કરવામાં આવેલી તમામ વિગતો સાચી છે. ચકાસણીનાં કોઈપણ તબકકે અને સમયે અમારા ધ્વારા રજુ કરવામાં આવેલ માહિતી / આધારો ખોટાં ઠરે તો અમારી મંજુર થયેલ કામગીરી / સપ્લાય કોન્ટ્રેકટ ડિપોઝીટ સાથે રદ્દ કરવામાં આવે તેમજ જે કોઈ કાયદેસરનાં પગલાં લેવામાં આવે તે અમોને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે.

સંસ્થા / એજન્સી / વેપારીના સહી / સિકકા
( નામ સરનામા સાથે )